# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષઃ ૨૨ અંકઃ ૮ જુન-જુલાઈ ૨૦૧૨ અષાઢ-શ્રાવણ ૨૦૬૭ સળંગ અંકઃ ૨૩૭

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જ્વલ ત્રિવેદી + મનીષ સોલંકી + રાજુ રાઠોડ + ઝેડ. એ. સિપોય


## संपादकीय

### विवेकानन्द के नजरिए से...

मोटे तौर पर 'विवेक' और 'आनन्द' को मिलाकर ही 'विवेकानन्द' की सृष्टि होती है। स्वामी विवेकानन्द ने स्व-विवेक से अपने उपनाम के अनुरूप कुछ गूढ़ संकेत दिए हैं जो न केवल शिक्षित-साक्षर के लिए जरूरी हैं बल्कि समूची मानव जाति के विराट हित में हैं। मसलन, हमें अपने इर्द-गिर्द जो अनिच्छनीय या अशुभ दिखाई देता है, उसके मूल में विवेकानन्द ने अज्ञान को माना है। इसी कारण वे ज्ञानलोक में जाने का संदेश देते हैं। साथ ही, ज्ञान को पवित्रता और आध्यात्मिकता से सम्पन्न करने की हिमायत भी करते हैं। स्वामी विवेकानन्द ने अहं को मनुष्य और मनुष्यता के लिए सबसे बड़ा दुश्मन माना है। अहं न केवल 'स्व' को डुबोता है बल्कि 'पर' (अन्य) को भी अपने साथ में ले डूबता है। विवेकानन्द ने उपकारकता को तो स्वीकार किया है लेकिन यह सोचना, कि मेरे ऊपर ही सब कुछ निर्भर है, या फिर मैं ही किसी का भला कर सकता हूँ; इसे वे दुर्बलता की निशानी मानते हैं। इसी कारण अहंकार को उन्होंने आसक्ति की जड़ माना है जिसके परिणामस्वरूप ही अनेक दुःखों का जन्म होता है। इसलिए मन में यह एहसास बना रहना चाहिए कि संसार में हमारे ऊपर कोई निर्भर नहीं है। इसे दूसरे शब्दों में समझें तो, हमारे बिना भी यह जगत अपनी गति से चलता रहेगा।

स्वामी विवेकानन्द के मतानुसार, ईर्ष्या-द्वेष का अभाव होना जीवन की एक बड़ी कसौटी है। उन्होंने स्पष्ट रूप से कहा है कि 'तुम आत्मप्रतिष्ठा, दलबन्दी और ईर्ष्या को सदा के लिए छोड़ दो। तुम्हें धरती माता की तरह सहनशील होना चाहिए। यदि तुम ये गुण प्राप्त कर सको, तो संसार तुम्हारे पैरों पर लोटेगा।' वे शिक्षा को बहुत सारी जानकारियों का ढेर मात्र नहीं मानते बल्कि स्वविवेक से आत्मचिन्तन और उसे अनुभव करने पर भी जोर देते हैं। स्पष्ट है कि शिक्षा केवल जीवन की भौतिक उन्नति का साधन नहीं है वरन उससे भी कहीं ज्यादा आत्मिक उन्नयन का माध्यम है। इसी प्रकार, जीवन की गतिशीलता को उन्होंने वास्तविक उन्नति या प्रगति का सबल कारण माना है वे कहते हैं कि 'यदि हम एक जगह स्थिर रहें तो हमारी मृत्यु अनिवार्य है। हमें या तो आगे बढ़ना होगा, या पीछे हटना होगा। यदि हम गतिशील न रहे तो हमारी अवनति निश्चित है।' उन्होंने साफ किया है कि भूतकाल में हमारे पूर्वजों ने बहुत बड़े और महान काम किए हैं, परन्तु हमें उनकी तुलना में और भी उच्चतर जीवन-विकास करना होगा। यह तभी संभव है जब हम विराट उद्देश्यों के साथ अपने जीवन में वास्तविक महानता को आत्मसात् कर लें। गुरु-पद और शिक्षा को लेकर विवेकानन्द के विचार समझने योग्य हैं कि 'आचार्य या गुरु होने की अपेक्षा जीवनमुक्त होना सहज है। कारण कि, जीवनमुक्त होनेवाला संसार को स्वप्न की तरह मानता है और उससे कोई वास्ता नहीं रखता। परन्तु, आचार्य को संसार के स्वप्नवत् होने का ज्ञान होने पर भी, उसमें रहना और कार्य करना पड़ता है। हर एक के लिए आचार्य होना संभव नहीं है। हरेक व्यक्ति गुरु या आचार्य नहीं हो सकता लेकिन मुक्त (वैरागी) बहुत हो सकते हैं। अनासक्त (मुक्त) व्यक्ति को जगत सपने की तरह लगता है, किन्तु आचार्य को तो स्वप्न और जाग्रत, इन दोनों अवस्थाओं के बीच कार्य करना पड़ता है। उसे यह भी ज्ञान रखना पड़ता है कि यह जगत सत्य है। अन्यथा, वह शिक्षा क्यों देगा ? और यदि उसे भी जगत के स्वप्न होने की अनुभूति न हुई तो फिर उसमें और एक साधारण व्यक्ति में अन्तर क्या रह जाएगा? तथा वह शिक्षा भी क्या दे सकेगा।' यहाँ पर विवेकानन्द गतिशीलता के समानान्तर कर्मशील होने का साफ-साफ संकेत देते हैं। इसके अतिरिक्त उन्होंने आत्मत्याग यानी कि व्यक्तित्व के उत्सर्ग की बात भी की है। इस स्थिति में 'मैं', नहीं बल्कि 'तू' को स्वीकारना आवश्यक हो जाता है। आत्मसंयम, आत्मविश्वास और नैतिकता (आदर्श) विवेकानन्द के अन्य विवेकसूत्र हैं। उनके अवतरण के डेढ़ सौ वर्ष पूरे होने के अवसर पर हमारे विवेक और हमारी शिक्षा में इन मूल्यों का होना, संभवतः वर्तमान शिक्षा-प्रणाली की गरिमा में इजाफे के लिए बहुत ही जरूरी है। अस्तु !!!

**– मदनमोहन शर्मा**

> **आदर्श पुरुष तो वे हैं जो परम शांति और निस्तब्धता के बीच भी तीव्र कर्म का, तथा प्रबल कर्मशीलता के बीच भी मरुस्थल की शांति और निस्तब्धता का अनुभव करते हैं।**
>
> **– स्वामी विवेकानन्द**

## Teaching - Learning

- **Department of Business Studies**, Sardar Patel University, Vallabh Vidyanagar conducted the Security Exchange Board of India(SEBI)'s **Workshop on "Financial Planning for Young Investors"** on recently and the eminent expert Dr. Gyanesh S. Desai delivered speech on topic.

- **Department of Business Studies**, Sardar Patel University, Vallabh Vidyanagar conducted workshop on **"UGC NET-JRF/NET/GSET-L"** recently. **Dr. P.K. Rathod**-Professor & Head, Department of Business Studies and **Dr. R. M. Rathod,** Associate Professor, MBA Department, Sardar Patel University were the Resource Persons of the Workshop.

**Department of Business Studies**, Sardar Patel University, Vallabh Vidyanagar conducted workshop on **"Personality Development & Grooming"** by Hindustan Unilever Limited for female condidates by a trained counselor with the aid of short films on the subject.

- **Department of Business Studies**, Sardar Patel University, Vallabh Vidyanagar under the auspices of the University Grants Commission (UGC)- Departmental Research Support (Phase I) Special Assistance Programme (SAP) organized one-day national seminar on **"Corporate Disclosure and Investors' Perception"**. This was the fifth of a series of such events regularly organized by the Department under UGC-SAP Scheme.

The inaugural session was graced by a host of personalities who have been associated with research in one way or the other.

**Prof. (Dr.) G.C. Maheshwari**, Dean, Faculty of Management Studies, The Maharaja Sayajirao University of Baroda was the Chief Guest of the function and the Vice-President (Commercial) and CFO, Elecon Engineering Co. Ltd., Shri H.C. Shah graced the occasion as the Guest of Honour. The function was presided over by **Prof. (Dr.) Harish Padh**, Hon'ble Vice-Chancellor, Sardar Patel University.

At the onset, **Prof. (Dr.) P.K. Rathod**, Professor and Head, Post-Graduate Department of Business Studies and Coordinator, UGC (SAP) Scheme briefed the audience about the research and extension activities of the department. Seminar Secretary and Deputy Coordinator, UGC (SAP) scheme, Prof. **Dr. Sandip K. Bhatt** outlined the theme of the seminar. Vice-Chairman, WIRC of ICAI, CA Brijesh Shah briefed the audience about the activities of the ICAI, New Delhi. The Stock Broker and Investment Advisor and eminent **CA Jagdish Thakkar** delivered the Keynote Address. The Vice-President (Commercial) and CFO, Elecon Engineering Co. Ltd., Shri H.C. Shah appreciated the efforts of the Department for taking initiatives in organizing seminars on concemporary issues frequently. Prof.(Dr.) G.C. Maheshwari, Dean, Faculty of Management Studies, The Maharaja Sayajirao University of Baroda also mentioned in his speech that organization of such seminar would provide forum for interaction to the acedemicians, professionals and researchers. Prof. (Dr.) C.K. Sonara, Organizing Secretary, ended the inaugural session with the vote of thanks.

The **seminar was divided mainly into Keynote Speakers' session** and **four technical sessions.** The keynote speakers' session was chaired by **CA (Dr.) J.H. Shah** an eminent academician and professional and convened by Dr. Dharmendra S. Mistry, Associate Professor, Post-Graduate Department of Business Studies, Sardar Patel University. At the outset, Shri H.C. Shah, the Vice-President (Commercial) and CFO, Elecon Engineering Co. Ltd. delivered the keynote speech on **"Corporate Disclosure and Investors' Education and Awareness",** followed by the

keynote speech on **"Investors' Perception about Non-financiaol Information and Disclosure"** by CA Rajkumar Adukia, Council Member ICAI; **"Corporate Financial Disclosures and Investors' Perception"** by CA Abhishek Nagori, Partner, JLN US & Co. and **"Corporate Disclosure and Investors' Perception on Reporting Standards-IFRS" by** CA Roopin Patel, Chairman, Branch of WIRC of ICAI.

The first technical session on **Corporate Disclosure and Investors' Education** was chaired by **CA Dr. Amita S. Kantawala**, Professor and Head, Department of Accounting and Financial Management, The Maharaja Sayajirao University of Baroda and convened by Prof. Dr. Sandip K. Bhatt, Professor, Post-Graduate Department of Business Studies, Sardar Patel University.

The second technical session on **Investors' Perception about Non-financil Information** was chaired by Prof. **Dr. Parimal H. Vyas**, Professor, Head and Dean, Department of Commerce including Business Administration, The Maharaja Sayajirao University of Baroda, co-chaired by Dr. P.K. Priyan, Associate Professor, MBA Department, Sardar Patel University and convened by Prof. Dr. C.K. Sonara, Professor, Post-Graduate Department of Business Studies, Sardar Patel University.

The Third technical session on **Investors' Perception about Investor Awareness** was chaired by **Prof. Dr. N.M. Khandelwal**, Retired Professor and Head, Department of Commerce, Saurashtra University, co-chaired by Dr. H. C. Sardar, Associate Professor, S D School of Commerce, Gujarat University and convened by Dr. R.M. Joshi, Associate Professor, Post-Graduate Department of Business Studies, Sardar Patel University.

The fourth technical session on **Investors' Perception about IFRS** was chaired by **Prof. Dr. H.S. Oza**, Professor and Director, S D School of Commerce, Gujarat University, co-chaired by Dr. Ketki Sheth, Dean, Faculty of Business Studies and Commerce, Sardar Patel University and convened by Dr. P.R. Sheth, Associate Professor, Post-Graduate Department of Business Studies, Sardar Patel University.

Total 2007 delegates participated in the seminar and around 77 papers were presented in four technical sessions of the seminar. The backhand efforts and support of this academic event was the organizing committee.

- **ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ડી.એન. ઈન્સ્ટિટ્યુટ ઑફ પી.જી. સ્ટડીઝ ઈન કોમર્સ, આણંદમાં ચાલતા એમ.કોમ અભ્યાસક્રમનું પ્રથમ વર્ષ પૂર્ણ થતા કુલ ૪૫ વિદ્યાર્થીઓએ** First Class with A/B/C **તેમ જ માત્ર એક વિદ્યાર્થીએ** Second Class **મેળવેલ છે.**

- **Dr. Jayprakash M. Trivedi**, Professor & Head, Department of Sociology has:

●- participated in accrediation/ Reaccrediation of 5 colleges located in Tamil Nadu, Maharastra, West Bengal, A.S.C. Bombay and Nagaland State as member coordinator of NAAC Peer Team.

- Participated in AIM (Assessors Interation Meeting) of NAAC, Banglore during 13-14 June 2012.

- Appointed as subject expert in R.D.C. of Pandit Ravishanker University Raipur, Chhatisgarh State and Veer Narmad South Gujarat University, Surat.

- Appointed as subject expert in Board of Studies in Sociology of Bhubaneshwar University, South Gujarat University and North Gujarat University, Patan.

- Participated as Resource Person in National Workshop for Proposal Development for U.G.C. Major/Minor Project organised by K.C.G. (Govt. of Gujarat) held at North Gujarat

University, Patan and B.D. Arts College, Ahmedabad.

- Appointed as a Co-opt Member in Board of Studies in Sociology of Gujarat Vidyapith, Ahmedabad.

- **Prof. L.R. Yagnik and Prof. Samir J. Patel** (Syndicate Member), Department of Psychology, Sardar Patel University, Vallabh Vidyanagar have been nominated **General Secretary and Council Member** respectively, of **Indian Academy of Applied Psychology** by its Executive Council for a period of three years in its Annual General Body Meeting held at Toc H institute of science and technology Cochin on the occasion of 47th National and 16th International conference of Indian Academe of Applied Psychology. This prestigious association is the largest and oldest single body of psychologists in the sub-continent. **Prof. L. R. Yagnik** is also a **President, Community Psychology Association of India.**

- **કેન્યાની સામાજિક સંશોધન સંસ્થા સુલેમાન સઈદ સાલેહ સાહબલના ચેરમેન સુલેમાન સાહબલની સાથે ૧૩ જેટલા મહાનુભાવોના બનેલા પ્રતિનિધિ મંડળે આપણા પંચાયતી રાજના માળખાનું અધ્યયન કરવા માટે સરદાર પટેલ યુનિવર્સિટીની વિશિષ્ટ મુલાકાત લીધી હતી.**

**આ પ્રતિનિધિ મંડળને યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. હરીશ પાઢ તેમજ અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગના કાર્યાધ્યક્ષ ડૉ. બલદેવ આગજાએ પંચાયતી રાજ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રતિનિધિ મંડળને પંચાયતી રાજ્ય અંગે વિભાગમાં થયેલા સંશોધનાત્મક લેખો અને પુસ્તકો પણ આપવામાં આવ્યા હતા. કેન્યાનું પ્રતિનિધિ મંડળ ઈ.સ. ૨૦૧૩ની ચુંટણીના પરિણામ બાદ પોતાના દેશમાં પંચાયતી રાજનો અમલ કરવા અને એ માટે પોતાના બંધારણમાં આવશ્યક સુધારા પણ કરવા માંગે છે. ગુજરાત તથા પૂર્વ આફ્રિકા અને એમાય કેન્યા સાથેના સાંસ્કૃતિક સામાજિક સંબંધોની દિશામાં આ એક મહત્વપૂર્ણ કદમ ગણી શકાય.**

## Empowering Language at Global Conference

The much awaited international conference on 'Bridging the Gap Through English: Education, Equity, Empowerment and Employability' began at HM Patel Institute of English Training and Research in Vallabh Vidyanagar on Friday. The two-day event organized by the Society for Creation of Opportunity Through Proficiency in English (SCOPE) is being sponsored bvy CASIO, and the partner for promoting English for the programme is Times Foundation. University of Cambridge, ESOL Examination, is the assessment and certification partner. The conference also has the approval of University Grants Commission.

The inaugural session discussed how the gap between demand and supply can be bridged through English. The session witnessed the presence of **Jayanti Ravi**, Commissioner, higher education; **R.P. Patel,** Secretary, Charutar Vidyamandal; **Harish Padh**, Vice-Chancellor, SP University, **RP Jadeja**, director, HM Patel Institute of English Training and Research; and **Sandeep Sharma**, joint chief executive officer, SCOPE and **Dr Harshadbhai Shah**, Vice-Chancellor, Children University.

Two international delegates, M Naka and Yokohama from CASIO, also participated in the conference along with CASIO's country head Kulbhushan Seth.

## Extension

● **અનુસ્નાતક રાજયશાસ્ત્ર વિભાગ દ્વારા તાજેતરમાં ચાર દિવસ દિલ્હી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.**

આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને શ્રી ભરતસિંહ સોલંકી, માનનીય રાજ્ય રેલ્વે મંત્રી દ્વારા નાણાંબીલની જીવંત ચર્ચાસભામાં હાજર રહેવાની તક મળી. આ પછી રાષ્ટ્રપતિ ભવનની અને ત્યાં મ્યુઝિયમ તથા બાગની પણ મુલાકાત લીધી હતી.

આ શૈક્ષણિક પ્રવાસની ટ્રેનમાં આવવા-જવાની મફત વ્યવસ્થા માનનીય રાજ્ય રેલ્વે મંત્રી શ્રી ભરતસિંહ સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશ્યલ વર્કને આશ્રયે વિવિધ અભ્યાસક્રમોના નવપ્રવેશિત વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનમાં બી.એડ્. અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનમાં સપ્તધારા અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટક હતા સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના લીગલ એડવાઈઝર શ્રી રાજેશભાઈ પટેલ.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનમાં પ્રશિક્ષણાર્થીઓ માટેનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો.

● શ્રી આઈ. જે. પટેલ બી.એડ્. કોલેજ, મોગરી તથા ભૂતપૂર્વ તાલીમાર્થીમંડળ દ્વારા વિશ્વ પર્યાવરણ દિન ૫ જૂન નિમિત્તે મોગરી ગામની ઝૂંપડપટ્ટી વિસ્તારનાં બાળકોની ચિત્ર હરિફાઈ યોજાઈ હતી.

● શ્રી આઈ. જે. પટેલ બી.એડ્. કોલેજ, મોગરીમાં તા. ૧૮-૬-૨૦૧૨ના રોજ વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝમાં એસ.વાય.બી.બી.એ. (આઈ.એસ.એમ.)માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી શાલીન આર. પંડિતે રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરા દ્વારા સ્વામી વિવેકાનંદ ૧૫૦મી વર્ષગાંઠ અંતર્ગત રાજ્યકક્ષાની નિબંધ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સ્પર્ધાનો વિષય **'The Problems of Modern India and Swami Vivekanand'** હતો, જેમાં કુલ ૧૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અભિનંદન !!!

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં તા. ૫-૭-૨૦૧૨ના રોજ એમ.કોમ. પાર્ટ-૧ના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી ભીખુભાઈ એન. પટેલ તથા આર.ટી. પટેલ એન્ડ કંપનીના પ્રોપરાઈટર અને ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી આર.ટી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદના વિમેન્સ સેલ અંતર્ગત વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા તથા ઉદ્યોગ તથા ઉદ્યોગ સાહસિક બનવાની પ્રેરણા મળે તે હેતુથી તા. ૫-૭-૨૦૧૨નાં રોજ ટી.વાય.બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે "મહિલા ઉદ્યોગ સાહસિકો" કલ્પનાબહેન અમીન અને કવિતાબહેન ગાંગુલીની મુલાકાત યોજાઈ હતી.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં શ્રી એસ.આર. અગ્રવાલના મુખ્ય મહેમાનપદે ગુરુ પૂર્ણિમાની ઉજવણી થઈ હતી.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોલેજ ૩૧ વર્ષ પૂરા કરી ૩૨મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. આ પ્રસંગે કોલેજ વિશેની ઓળખ આચાર્યા ડૉ. વી.ટી. ભમ્વરીએ આપી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં વિદ્યાર્થીમંડળની રચના કરવામાં આવી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝમાં તા. ૩-૬-૨૦૧૨ના રોજ ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના અધ્યક્ષ ડૉ. બી. આર. મોદી તથા અતિથિ વિશેષ તરીકે ડૉ. મહેશભાઈ ક્રિશ્ચિયન તથા શ્રી રોહિતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજમાં બી.કોમ. સેમિસ્ટર-૧ સ્વનિર્ભરતાના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી ભીખુભાઈ પટેલ અને ડૉ. કેતકી શેઠ, કોમર્સ ફેકલ્ટીના ડીન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. કોલેજનાં આચાર્ય ડૉ. આર.ડી. મોદીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ વર્કને આશ્રયે સંસ્થાના માનદ્ નિયામકશ્રી પ્રો. એસ. આર. અગ્રવાલ તથા કાર્યકારી આચાર્યા સુશ્રી ડૉ. સ્નેહલ રાઉતના

અધ્યક્ષસ્થાને વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.

● સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનમાં તા. ૭-૭-૨૦૧૨ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના એકમ હેઠળ કોલેજના પ્રિન્સિપાલશ્રી (ડૉ.) એન. આર. પટેલે એન.એસ.એસ. યુનિટનો નવપ્રારંભ કરતાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સેવા યોજનાએ બચત યોજના સાબિત થાય અને "Not me but you" ના મંત્રથી જીવનમાં શ્રમ અને સેવાનું મહત્વ સાકાર બને તે અર્થે વ્યક્તિએ પુરુષાર્થનો માર્ગ સ્વીકારી સ્વથી સર્વની ઉન્નતિ કરવા સૂચવ્યું હતું. આ પ્રસંગે પ્રોગ્રામ ઓફિસર ડૉ. ડી.જી. પટેલે એન.એસ.એસ.ના હેતુઓ અને ધ્યેય સ્પષ્ટ કરી વર્ષ દરમિયાન થનાર પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો.

આ પ્રસંગે શ્રીકૃષ્ણ હોસ્પિટલના પેથોલોજીસ્ટ ડૉ. મૌલિકભાઇ વૈદ્યે શરીરમાં રક્તનું મહત્વ અને જરૂરિયાતોની વૈજ્ઞાનિક સમજ આપી રક્ત પરીક્ષણોની પ્રવર્તમાન સમયમાં શું જરૂરિયાત છે ? અને રક્તદાન એ આકસ્મિક રીતે માનવને કઇ રીતે જીવતદાન પુરુ પાડે છે તેની અનેક પ્રસંગો અને હકીકતો રજૂ કરી સમજ આપી હતી. જ્યારે એ.ડી. ગોરવાલા બ્લડ બેંકના ઓડીટર શ્રી પંકજભાઇએ બ્લડ ગ્રુપ અને તેની સામ્યતાઓની ચર્ચા કરતાં થેલેસેમિયા રોગ કેવી રીતે આયુષ્યને ખતમ કરે છે અને તે રોગ દર્દીને આર્થિક રીતે કેટલું નુકશાન પહોંચાડે છે તેની વૈજ્ઞાનિક સમજ આપી હતી. બન્ને તજજ્ઞશ્રીઓએ પ્રશિક્ષણાર્થીઓ સમક્ષ વિગતપૂર્ણ પ્રશ્નોત્તરી અને ચર્ચા સભા યોજી અનેક મૂંઝવણોનો ઉકેલ આપ્યો હતો.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજમાં તા. ૩-૭-૨૦૧૨ના રોજ બી.કોમ. સેલ્ફ ફાઇનાન્સમાં ગુરૂવંદના કાર્યક્રમ ઉજવાયો હતો.

● સરદાર પટેલ યુનિવર્સિટી અને ચરોતર સાઇકલીંગ કલબના સંયુક્ત ઉપક્રમે પહેલી જુલાઇ ૨૦૧૨ના રોજ એક અનોખી સાઇકલ રેલી સરદાર ટુ સરદાર રેલીનું આયોજન થયું હતું. આ રેલીનો આરંભ સરદાર પટેલની સ્વપ્નભૂમિ-વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના કાર્યાલયથી થયો હતો. આ રેલીમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી હરીશ પાઢ, ચારુતર આરોગ્ય મંડળના તબીબો, વિદ્યાનગર નેચર કલબના સભ્યો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ રેલી સરદાર પટેલની જન્મભૂમિ નડિયાદ પહોંચી હતી. ત્યાં ધર્મસિંહ દેસાઇ યુનિવર્સિટીના કુલપતિ શ્રી એચ. એમ. દેસાઇએ સૌને આવકાર્યા હતા. નડિયાદથી રેલી તરત પાછી ફરી હતી. રેલીવીરોએ ૪૦ કિ.મી.નું અંતર કાપીને સરદારશ્રીના મૂલ્યો અને કાર્યોનો સંદેશ સમાજમાં અનોખી રીતે પ્રસારવાનો પ્રયાસ કર્યો હતો.

● અનુસ્નાતક સંસ્કૃત વિભાગમાં ગુરૂપૂર્ણિમાં પર્વની ઉજવણી કરવામાં આવી હતી.આ પર્વ નિમિત્તે પ્રો. ડૉ. ડી. એસ. મિશ્રા (નિવૃત્ત પ્રોફેસર, અંગ્રેજી વિભાગ) ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે ભારતીય પરંપરામાં ગુરુનું મહત્ત્વ અને શિષ્ય સાથેના સંબંધો અંગે ઊંડું ચિન્તન રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગના સૌ અધ્યાપકો હાજર રહ્યાં હતાં.

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજમાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ બીબીએ, બીબીએ આઇટીએમ, બીસીએ, અને બીકોમના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ (૨૦૧૨-૨૦૧૩)નું આયોજન કરાયું હતું. એમાં પ્રો. સુધીર મુખર્જી અને શીલ ધોળકિયાએ પરિચયાત્મક વાર્તાલાપ આપ્યા હતા.

### ૧.૫ કિલોવૉટ વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરતો સોલાર પાવર પ્લાન્ટ વિકસાવતી સરદાર પટેલ યુનિવર્સિટી

સરદાર પટેલ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા તાજેતરમાં ૧.૫ કિલોવૉટ વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરતો સોલાર પાવર પ્લાન્ટ વિકસાવવામાં આવ્યો છે. આ પાવર પ્લાન્ટની સ્થાપના ભૌતિકશાસ્ત્ર વિભાગના ભવનની છત પર કરવામાં આવી છે.

આ પ્લાન્ટની વિજ ઉત્પાદન ક્ષમતા (૪૫%) ડિઝાઇન વિકસિત કરવામાં આવી છે. દેશની આ રીતની આ સર્વપ્રથમ સ્વદેશી ઓટોડ્યુલ એક્ષેસ સિસ્ટમ છે. એની મદદથી ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષનું કાર્યાલય, ભવનનું વહીવટી કાર્યાલય અને વિભાગની પ્રયોગશાળાને વિદ્યુત ઊર્જા પૂરી પાડવામાં આવે છે.

આ પ્રણાલી અંતર્ગત સોલાર પેનલમાંથી મેળવેલ ઊર્જા ઇન્વર્ટરને અપાય છે. વળી એની સાથે બેટરીને પણ આપેલી છે. ઇન્વર્ટર ડીસી વિદ્યુત ઊર્જાને ૨૩૦ વૉટ એસી વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરે છે. આ ઊર્જાનું લોડ લાઇન્સ દ્વારા અલગ-અલગ વિભાગને વિતરણ કરવામાં આવે છે. વળી વિદ્યુત પરિપથમાં જોડેલી બેટરી વધારાની સૌર ઊર્જાનો સંગ્રહ કરે છે. આ ઊર્જા વહેલી સવારે કે મોડી રાત્રે ઉપયોગમાં લેવાય છે. વળી ચોમાસાની ઋતુમાં પણ આ ઊર્જા ઉપયોગમાં આવે છે. આ સંપૂર્ણ પ્રણાલી ચક્રવાતની પરિસ્થિતિમાં ૬૦ મીટર પ્રતિ સેકન્ડની ઝડપે ફૂંકાતા પવન સામે ટકી શકે છે.

આ માટે ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા પ્રો. એ. આર. જાની, શ્રીલાલ ઝા તથા એમની સમગ્ર ટીમ અને ભૌતિકશાસ્ત્ર વિભાગના તમામ સંશોધકોને યુનિવર્સિટી પરિવાર અભિનંદન પાઠવે છે.

## Research

<u>સંશોધન પ્રોજેક્ટ</u>

- સેજલ દેસાઈ : રીસર્ચ સ્કોલર, બી.આર.ડી. સ્કૂલ ઓફ બાયોસાયન્સીસ, વિષયઃ "Role of SNPs and its Association with oral cancer in Western-Indian Population". (Women Scientist Scheme A - FWOSA) for research in Basic/Applied Science અંતર્ગત) મુદત : ત્રણ વર્ષ, અનુદાન રૂ।. ૧૮,૪૦,૦૦૦/-

- ડૉ. સૌરભ એસ. સોની, આસી. પ્રોફેસર રસાયણ શાસ્ત્ર વિભાગ, વિષય : "Influence of micellar morphology on conductivity of Polymer Gel Electrolytes". (કોલેબરેટીવ રીસર્ચ સ્કીમ અંતર્ગત ૧ વર્ષ માટે, રૂ।. ૩૫૦૦૦/- અનુદાન)

## Governance

<u>નવી નિમણૂંક</u>

- કૉઓર્ડિનેટર (પરીક્ષા સુધારણા એકમ):

  ડૉ. ઈલેશ દવે

- શિક્ષણશાસ્ત્ર : અભ્યાસ સમિતિના અધ્યક્ષઃ

  ડૉ. એન. આર. પટેલ, આચાર્ય, એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર (૩૦ જૂન ૨૦૧૫ સુધી)

- ઈલેક્ટ્રોનિક્સ સાયન્સ : અભ્યાસ સમિતિના અધ્યક્ષઃ

  ડૉ. રવિ એમ. જોશી, એમ.બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ (૩૦ જૂન ૨૦૧૫ સુધી)

- પ્રિક્લિનિકલ અભ્યાસ સમિતિના અધ્યક્ષઃ

  ડૉ. એસ. કે. સિંઘ, પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ (૩૦ જૂન ૨૦૧૫ સુધી)

- ભૂગોળ : અભ્યાસ સમિતિના અધ્યક્ષઃ

  પ્રા. શ્રી. જી. આર. પૉકિયા, નલિની અરવિન્દ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર (૩૦ જૂન ૨૦૧૫ સુધી)

<u>નવું નામકરણ</u>

- હાલનું નામ : શ્રી જી.એચ. પટેલ સ્કૂલ ઓફ નર્સિંગ

નવું નામકરણ : શ્રી જી.એચ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ

- યુનિવર્સિટીમાં દીર્ઘકાલીન સેવાઓ આપ્યા બાદ યુનિવર્સિટી સેવામાંથી નીચેના કર્મચારીઓ તા. ૧૪-૬-૨૦૧૨ના રોજ નિવૃત્ત થયા. તેઓનો સન્માન કાર્યક્રમ મા. કુલપતિશ્રીના અધ્યક્ષપદે તારીખ ૧૪-૬-૨૦૧૨ના રોજ સરદાર પટેલ સેનેટ હોલ, જ્ઞાનોદય પરીક્ષા ભવનમાં યોજાયો હતો અને તમામ કર્મચારીઓને શાલ ઓઢાડીને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. જેના પ્રતિભાવ રૂપે કર્મચારીઓએ પોતાના અનુભવો અને પ્રતિભાવ વ્યક્ત કર્યા હતા.

૧. ડૉ. રેખા ડી. મહેતા, પ્રોફેસર, મેથમેટિક્સ વિભાગ

૨. ડૉ. મણીલાલ એચ. પટેલ, પ્રોફેસર, ગુજરાતી વિભાગ

૩. ડૉ. અજીતસિંહ આઈ. ઠાકોર, પ્રોફેસર, સંસ્કૃત વિભાગ

૪. શ્રી રામુભાઈ ડી. કોલી, ડ્રેસર-પ્યુન, હેલ્થ સેન્ટર

૫. શ્રી ગમજીભાઈ એમ. બારૈયા, નાયક, ભાઈકાકા ગ્રંથાલય

૬. શ્રી કીરીટ કુમાર એ. પટેલ, હેડ કલાર્ક, એસ્ટાબ્લીશમેન્ટ વિભાગ

૭. શ્રી મીનકેતુ જે. પટેલ, સીનિયર કલાર્ક, હિસાબ વિભાગ

- શ્રી અરવિન્દ ચેર ઑફ ઈન્ટીગ્રલ સ્ટડીઝ, સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપક્રમે ૩૧મેથી ૯ જૂન ૨૦૧૨, દરમિયાન શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી ખાતે શ્રી અરવિન્દ દર્શન અધ્યયન શિબિરનું આયોજન થયું હતું. આ શિબિરમાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિદ્યાશાખાઓના ૨૩ વિદ્યાર્થીઓ જોડાયા હતા. શિબિરમાં શ્રી માતાજીના વાર્તાલાપઃ 'ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ' અંગે સ્વાધ્યાય થયો હતો. આ ઉપરાંત સર્વશ્રી મનોજ દાસગુપ્તા, મેજર જનરલ તીવારી, કિટ્ટુ રેડ્ડી, ઝુમુર દીદી, સુધા સુન્દરમ્, સુનન્દાબહેન જેવા આશ્રમના સાધકોની મુલાકાત યોજાઈ હતી. શિબિરાર્થીઓએ પૉંડિચેરી નજીક નિર્માણ પામી રહેલી દિવ્ય ઉષાનગરી ઓરોવિલની એક દિવસ મુલાકાત લીધી હતી. ત્યાં માતૃમંદિરમાં ધ્યાન કર્યું હતું. આ શિબિરમાં સર્વશ્રી ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ, પરમ પાઠક, કાજલ રાવ અને આનંદીબહેન ગાભાવાલાએ સંકલન, સંયોજનની સેવા આપી હતી. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના ચારિત્ર્ય નિર્માણના આશયથી આ પ્રવૃત્તિ છેલ્લા ૨૫ વર્ષથી સાતત્યપૂર્વક થઈ રહી છે.

# વર્તમાન પત્રોમાં યુનિવર્સિટી

- સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા નેચર ક્લબના સહયોગથી 'સરદાર ટુ સરદાર' શીર્ષક હેઠળ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું (નયા પડકાર, ૩-૭-૨૦૧૨, પા. નં. ૭)
- નવા શૈક્ષણિક વર્ષની પ્રથમ સિન્ડીકેટ બેઠક (સરદાર ગુર્જરી, ૨-૭-૨૦૧૨, પા. નં. ૮)
- આરટીઆઈ એક્ટ હેઠળ માહિતી અરજદારને મોકલી આપવામાં આવી છે : રજિસ્ટ્રાર (સરદાર ગુર્જરી, ૨૮-૬-૨૦૧૨, પા. નં. ૨)
- કેન્યા પ્રતિનિધિ મંડળની સરદાર પટેલ યુનિવર્સિટીમાં પંચાયતી રાજ વિષયે વિશિષ્ટ મુલાકાત (સરદાર ગુર્જરી, ૨૭-૬-૨૦૧૨, પા. નં. ૩)
- Harish Padh - Vice-Chancellor, S.P. University, participated in inagural session discussion on how the gap between demand and supply can be bridged through English (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ૨૩-૬-૨૦૧૨, પા. નં. ૨)
- સ્કોપ અને એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટના સંયુક્ત ઉપક્રમે વિદ્યાનગરમાં આજથી દ્વિદિવસીય પરીષદ (સરદાર ગુર્જરી, ૨૨-૬-૨૦૧૨, પા. નં. ૨)
- સરદાર પટેલ યુનિવર્સિટીની વિવાદાસ્પદ રહેલી કમિટીની રચનાને અંતે લીલી ઝંડી (સરદાર ગુર્જરી, ૨૧-૬-૨૦૧૨, પા. નં. ૨)
- એમ.કોમ. (એક્સ્ટર્નલ)માં માર્કસ આપવાના મામલે રોષી, યુનિવર્સિટીના કુલપતિએ જણાવ્યું હતુ કે હું આ મામલે પરીક્ષા વિભાગના હેડને તપાસ કરવાના આદેશ આપુ છું
- Country's first solar tracker at SPU (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (અમદાવાદ), ૧૬-૬-૨૦૧૨)
- સરદાર પટેલ યુનિવર્સિટીના ગત વર્ષની સરખામણીએ એક્સટર્નલ વિભાગના જાહેર થયેલા નીચા પરીણામો (સરદાર ગુર્જરી, ૧૮-૬-૨૦૧૨, પા. નં. ૬)
- કોલેજના વિદ્યાર્થીઓને પણ લાયબ્રેરીનું સભ્યપદ આપવા પુનઃ રજુઆત કરાઈ (સરદાર ગુર્જરી, ૧૫-૬-૨૦૧૨, પા. નં. ૨)
- ભાઈકાકા ગ્રંથાલયમાં વયોચિત નિવૃત્ત કર્મચારીનો વિદાય સમારોહ (સરદાર ગુર્જરી, ૧૫-૬-૨૦૧૨, પા. નં. ૨)
- સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ મતદારયાદીના વિવાદ અંગે રાજ્યપાલને રજુઆત (સંદેશ, ૧૪-૬-૨૦૧૨, પા. નં. ૩)
- સ.પ. યુનિ. દ્વારા સોલર પાવર પ્લાન્ટ વીથ ડ્યુઅલ એક્સીયલ ટ્રેકીંગ સિસ્ટમનો પ્રારંભ (નયા પડકાર, ૧૧-૬-૨૦૧૨, પા. નં. ૩)
- સરદાર પટેલ યુનિ. દ્વારા ૧.૫ કિલો વોટ વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરતો સોલાર પાવર પ્લાન્ટ વિકસાવાયો (સરદાર ગુર્જરી, ૮-૬-૨૦૧૨, પા. નં. ૩)
- ગુજરાતના મતદારોના સર્વેનુ કાર્ય એસ.પી. યુનિવર્સિટીને સોપતું ચુંટણી પંચ (ગુજરાત સમાચાર (અમદાવાદ, મુખ્ય આવૃત્તિ),૧૬-૬-૨૦૧૨)

## Development

### કેમ્પસ ડેવલોપમેન્ટ

પ્રસ્તાવના :

યુનિવર્સિટીના સ્થાપના કાળ બાદ દેશમાં સામાજિક, આર્થિક ક્ષેત્રો સહિત મહત્વના તમામ ક્ષેત્રોમાં ખૂબ સારી પ્રગતિ થઇ છે. યુનિવર્સિટીના ભવનોના બાંધકામ ક્ષેત્રે પણ ઉત્તરોત્તર પ્રગતિ થઇ છે અને શૈક્ષણિક ક્ષેત્રનો વ્યાપ વધતા યુનિવર્સિટી ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, યુનિવર્સિટી ખાતે સંકળાયેલ/હિત ધરાવતી સંસ્થા/વ્યક્તિઓની સંખ્યામાં પણ દિન-પ્રતિદિન વધારો થયો છે. તાજેતરમાં નવનિર્મિત જ્ઞાનોદય પરીક્ષા ભવનની સુવિધાને કારણે યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓ, શિક્ષક ગણ વગેરે દ્વારા લવાતા વાહનોની વધતી-જતી સંખ્યાને કારણે પાર્કીંગના તથા મ્યુઝીયમ રોડને નવીનીકરણ/વિસ્તરણ કરવાની કામગીરીની આવશ્યકતા ઉભી થયેલ. જેથી લાંબા ગાળાના આયોજનના ભાગ રૂપે હ્યુમેનીટીઝ વિભાગ/હેલ્થ સેન્ટર તરફ જતા મ્યુઝીયમ રોડને વિસ્તરણ કરવા અને આધુનિક ઓપ આપવાની એક દરખાસ્ત યુનિવર્સિટી સત્તા મંડળની વિચારણા હેઠળ હતી. જેના ફળ સ્વરૂપે હાલ કેમ્પસ ડેવલોપમેન્ટ કામગીરી ચાલી રહી છે.

પ્રોજેક્ટ હાથ ધરવાનો હેતુ :

હાલના મ્યુઝિયમ રોડનું વિસ્તરણ-નવીનીકરણ કરવું તથા હાલના સેમકોમ-નાના બજાર રસ્તા પરના ટ્રાફીકનું ભારણ ઓછું કરી, વિકલ્પ રૂપે મ્યુઝિયમ રોડનો વિકાસ કરવો.

પ્રોજેક્ટના મહત્વના મુદ્દા :

- હાલના ૬ મીટરના રસ્તાને પહોળો કરી, ૯ મીટર (૩૦ ફૂટ) કરવો.
- ટ્રાફીક આઇલેન્ડ બનાવવા, જેમાં વૃક્ષારોપણ થઇ શકે.
- હેલ્થ સેન્ટર બાજુની એન્ટ્રી પાસે આકર્ષક કમાન ઉભી કરવી.
- સરદાર પટેલ યુનિવર્સિટીનો લોગો માટે પેડેસ્ટલ તૈયાર કરવું અને સ્કલ્પચર કામગીરી કરવી. જેથી યુનિવર્સિટીનું અલાયદી ઓળખ ચિહ્ન ઉભું કરી શકાય.
- પાર્કીંગ માટે વેલ ડીફાઇન્ડ જગ્યા ઉભી કરવી તથા જે તે વિભાગોના ભવનોના આગળના ભાગ ખાતે જરૂરી પાર્કીંગ વ્યવસ્થા પૂરી પાડવી.
- હાલની ઓવર હેડ ઇલેક્ટ્રિક લાઇનને દૂર કરી, અન્ડર ગ્રાઉન્ડ કેબલીંગ કરવું તેમજ આધુનિક થાંભલાઓ ઉભા કરી, એલઇડી સ્ટ્રીટ લાઇટ પૂરી પાડવી.
- હાલના ૬-મીટરના રસ્તાને બદલે ૯-મીટરનો કારપેટ સાથેનો રોડ બનાવવો જેથી ટ્રાફીકની સમસ્યા મહદ્અંશે હળવી બને.
- જરૂરી સાઇન બોર્ડ પૂરા પાડવા.
- ડીવાઇડર પર સોન સીરામીક ટાઇલ્સ મઢવી જેથી રોડ આકર્ષક લાગે.

---

**યુનિવર્સિટી ધારાના ઓર્ડિનન્સ-૯૨/૯૩ અંતર્ગત સિન્ડિકેટે નીચેની કમિટિઓમાં સભ્યોની નિમણુક તારીખઃ ૩૧/૩/૨૦૧૫ સુધી કરી છે.**

**(I) ઓર્ડિનન્સ-૯૩ હેઠળ નિમવાની કમિટીઓનું બંધારણઃ**

**એ) પબ્લિકેશન બોર્ડ :**

કુલપતિશ્રી; દરેક ફેકલ્ટીના ડીન; પ્રિ. ડી.યુ. પટેલ - આચાર્યશ્રી, એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ; પ્રો.પરમ પાઠક - અનુ. ગુજરાતી વિભાગ; પ્રો.વિનાયક પટેલ - અનુસ્નાતક હોમસાયન્સ વિભાગ; ડૉ.ઉર્મિલાબેન ઠાકર - વડાશ્રી, અનુ. લાયબ્રેરી સાયન્સ વિભાગ; શ્રીમતી ખ્યાતિબેન પટેલ - સિન્ડિકેટ સભ્ય; પ્રો. મદનમોહન શર્મા - અનુ.હિન્દી વિભાગ; શ્રી હરિ દેસાઇ, ડાયરેક્ટર, સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઇફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઇ પટેલ (સેરલીપ); પ્રિ. ડી.એસ. રાજ-આચાર્ય, એમ.બી. પટેલ સાયન્સ કોલેજ

**બી) બોર્ડ ઓફ સ્પોર્ટસ એન્ડ વેલ્ફેર :**

સિન્ડિકેટે નિયુક્ત કરેલ અધ્યક્ષ - શ્રી રાજેશ પટેલ, સિન્ડિકેટ સભ્ય; ડાયરેક્ટર, ફિઝિકલ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી; ડૉ.બી.એલ. નાગર - આચાર્ય, એસ.એસ. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન,વ.વિ. નગર; ડૉ. પ્રદીપ પટેલ, હેડ, અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિ. ઓફ ઇન્ટિ. સ્ટડી એન્ડ રિસર્ચ ઇન બાયો ટેક. એન્ડ એલાઇડ સાયન્સીસ (એરીબાસ), ન્યુ વ.વી. નગર; પ્રિ. એન. એન. પટેલ-આચાર્ય, આણંદ કોમર્સ કોલેજ, આણંદ; પ્રિ. સુલભા નટરાજ-આચાર્યા, વે મેડ કોલેજ ઓફ એજ્યુકેશન; શ્રી ધર્મેશ પટેલ - એન.વી. પટેલ, કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ; શ્રી અજીતસિંહ ગોહેલ-ઇન્સ્ટ્રક્ટરો, શ્રી વી.જે. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, મોગરી; શ્રી અશોક ઝાલા - ભીખાભાઇ આર્ટસ કોલેજ;

શ્રી જયંતિભાઇ ચૌહાણ- વી.પી.સાયન્સ કોલેજ; શ્રી આઇ.એન. ટન્ડેલ- બી.જે.વાણિજ્ય મહાવિદ્યાલય તેમજ કોલેજમાં ફિઝીકલ; શ્રી પાર્થ સારથી બાગચી ઇન્સ્ટ્રકટર- સી.ઝેડ. પટેલ કોલેજ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ; ડૉ. પી.એ.પટેલ, વડાશ્રી- અનુસ્નાતક આંકડાશાસ્ત્ર વિભાગ; ડૉ.ઉજ્જવલ ત્રિવેદી-અનુ. બાયોસાયન્સીસ વિભાગ

આમંત્રિત સભ્યઃ ડૉ.ભરતકુમાર પંડ્યા (આમંત્રિત) - સિન્ડિકેટ સભ્ય; ડૉ.સમીર પટેલ- સિન્ડિકેટ સભ્ય; શ્રી ઘનશ્યામભાઇ ગઢવી- સિન્ડિકેટ સભ્ય; શ્રી પાર્થ બી. પટેલ-સિન્ડિકેટ સભ્ય; શ્રી યોગેન્દ્રસિંહ સોલંકી-સેનેટ સભ્ય; શ્રી પિંકલ ભાટિયા - વ.વી. નગર; ગ્રુપકમાન્ડર-એન.સી.સી. વિદ્યાનગર; કુ.લજ્જા ગોસ્વામી- જીટોડિયા, આણંદ

### સી) લાયબ્રેરી કમિટી :

કુલપતિશ્રી; ડૉ.(શ્રીમતી) એસ.મનોચા - વડાશ્રી, અનુ.મટીરીયલ સાયન્સ વિભાગ; ડૉ. ડી. બી. ચોકસી; ડૉ. પિનાકિની પંડ્યા, વડાશ્રી, અનુ.ગુજરાતી વિભાગ; ડૉ. જે.એચ. ખાન, વડાશ્રી, અનુ.અંગ્રેજી વિભાગ; ડૉ. જે.એમ.ત્રિવેદી, વડાશ્રી, અનુ. સોશ્યોલોજી વિભાગ; ડૉ.જીગીષ પંડ્યા વડાશ્રી, અનુ. ઇતિહાસ વિભાગ; ડૉ. ભાવેશ પટેલ , આચાર્ય-વી.પી. સાયન્સ કોલેજ, વ.વિ. નગર; પ્રિ. આર.પી. ભોઇ, આચાર્ય - શ્રી ભીખાભાઇ પટેલ આટર્સ કોલેજ; ડૉ. હમીરભાઇ પી. મકવાણા-આચાર્ય, શ્રી જે.એમ. પટેલ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન હ્યુમીનીટીઝ, આણંદ; ડૉ. ભરતકુમાર પંડ્યા-સિન્ડિકેટ સભ્ય; શ્રી પાર્થ બી. પટેલ - સિન્ડિકેટ સભ્ય; ડૉ. ઘનશ્યામ ગઢવી- સિન્ડિકેટ સભ્ય

### ડી) બિલ્ડીંગ કમિટી :

કુલપતિશ્રી (ચેરમેન); એક્ઝીક્યુટીવ એન્જિનયર- પી.ડબલ્યુ.ડી.આણંદ; યુનિવર્સિટી પ્લાનીંગ બોર્ડના એક પ્રતિનિધિ; કુલસચિવ; હિસાબી અધિકારી - કાર્યકારી મુખ્ય હિસાબી અધિકારી; પ્રો. સમીર પટેલ ,વડાશ્રી અનુ. સાયકોલોજી વિભાગ; પ્રો.પલ્લવી પી. પટેલ-અનુ.શિક્ષણશાસ્ત્ર વિભાગ; પ્રો. એ.આર. જાની - અનુ. ભૌતિકશાસ્ત્ર વિભાગ; એલ.બી. ઝાલા- બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય; ડૉ. એફ.એસ. ઉમરીગર- બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય; યુનિવર્સિટી ઇજનેર; શ્રી જયપ્રકાશ પટેલ - સિન્ડિકેટ સભ્ય; શ્રી ઇન્દ્રજીત પટેલ - સિન્ડિકેટ સભ્ય; શ્રી હેમંતભાઇ પટેલ - સિન્ડિકેટ સભ્ય; શ્રી તૃષાર પટેલ-સેનેટ સભ્ય; શ્રી પ્રજ્ઞેશભાઇ પટેલ-સિન્ડિકેટ સભ્ય

### ઇ) ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ કમિટિ :

કુલપતિશ્રી; ડૉ. કેતકી શેઠ , ડીનશ્રી, આણંદ કોમર્સ કોલેજ, આણંદ; ડૉ. એચ.જે. જાની -ડાયરેકટરશ્રી, એમ.બી.એ.વિભાગ; ડૉ. ડી.એસ. રાજ, આચાર્યશ્રી-એમ.બી. પટેલ સાયન્સ કોલેજ; શ્રી જયપ્રકાશ પટેલ - સિન્ડિકેટ સભ્ય; ડૉ.નિખિલ ઝવેરી- સિન્ડિકેટ સભ્ય; શ્રી પ્રજ્ઞેશભાઇ પટેલ - સિન્ડિકેટ સભ્ય; શ્રી રાજેશ પટેલ-સિન્ડિકેટ સભ્ય; શ્રી કે.પી. પટેલ- સિન્ડિકેટ સભ્ય

આમંત્રિત સભ્યઃ શ્રી ગુરૂશરણભાઇ પટેલ- સિન્ડિકેટ સભ્ય; શ્રી હેમંતભાઇ પટેલ-સિન્ડિકેટ સભ્ય; શ્રી અપુર્વ પાઠક - લૉ કોલેજ, આણંદ

### એફ) કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની કમિટી :

કુલપતિશ્રી; ડેવલપમેન્ટ ઓફિસર-કમિશનર ઓફ હાયર એજ્યુકેશન, ગાંધીનગર; ડૉ. નિરંજન પી. પટેલ, અનુ. સંસ્કૃત વિભાગ- પ્રો. એ.બી. પટેલ, વડાશ્રી- અનુ. મેથેમેટીકસ વિભાગ; પ્રો. પલ્લવીબેન પટેલ, વડાશ્રી, અનુ. શિક્ષણશાસ્ત્ર વિભાગ; પ્રો. પિનાકિની પંડ્યા, વડાશ્રી - અનુ. ગુજરાતી વિભાગ; પ્રિ.એન.આર. પટેલ; એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન; ડૉ. બાસુદેબ બક્ષી-એન.વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ; પ્રિ.મોહન પટેલ - એન.એસ.પટેલ આર્ટસ કોલેજ; ડૉ. અતુલ બંસલ-સી.ઝેડ. પટેલ કોલેજ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ; પ્રિ. પ્રીતિ શાહ, ડી.સી.પટેલ સ્કુલ ઓફ આર્કિટેકચર; પ્રિ. વર્માલા ભંવરી, આચાર્યા - આણંદ એજ્યુકેશન કોલેજ; શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ-સેમકોમ કોલેજ; શ્રી આર.પી.ભોઇ, આચાર્ય-શ્રી ભીખાભાઇ પટેલ આર્ટસ કોલેજ; શ્રી સ્વપનિલ પટેલ -સી.ઝેડ. પટેલ કોલેજ,વ.વિ.નગર; ડૉ.દિનેશ એસ.પટેલ - શ્રી પી.એમ.પટેલ ઇન્સ્ટિ. ઓફ પી.જી.સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન સાયન્સ, આણંદ; ડૉ. રવિ બી.જોષી- એમ.બી.પટેલ સાયન્સ કોલેજ, આણંદ; ડૉ. વિપુલ શ્રીમાળી-જે. એમ.પટેલ આર્ટસ કોલેજ; શ્રીમતી બીનાબેન મહિડા, આચાર્યા-આણંદ આર્ટસ કોલેજ, આણંદ; શ્રીમતી વિભા ખેર-આણંદ એજ્યુકેશન કોલેજ; શ્રી સમીર અજમેરી- શ્રીમતી પી.કે. ઇનામદાર કોલેજ ઓફ એજ્યુકેશન; શ્રી રાજેશ ભટ્ટ - સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુ.; ડૉ. ડી.કે. રાવલ, ઇન્ચાર્જ હેડ- ફાર્માસ્યુટીકલ ડિપાર્ટમેન્ટ; કુ. શહેરા પટેલ, અનુ. ઇલેકટ્રોનિકસ વિભાગ; શ્રી વિનાયક પટેલ, વડાશ્રી- અનુ.હોમસાયન્સ વિભાગ; શ્રીમતી હિરલ મેકવાન-સરદાર પટેલ કોલેજ ઓફ એડમીનીસ્ટ્રેશન એન્ડ મેનેજ.; શ્રી ચિરાગ રાવલ-એઇમ્સ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, બાકરોલ

| | | | |
|---|---|---|---|
| જી) | સિલેક્શન કમિટી ફોર લેક્ચરર ઇન ધ યુનિવર્સિટી પી.જી. ડિપાર્ટમેન્ટ | : | યુ.જી.સી.ની માર્ગદર્શિકાની જોગવાઇ મુજબ |

**(II)** ઓર્ડિનન્સ-૯૯ હેઠળ નિમવાની કમિટીઓ:

**સ્ટાફ જોઇન્ટ કન્સલટેટીવ કમિટી:**

કુલપતિશ્રી; પ્રો.વાઇસ ચાન્સેલર, જો હોય તો; ડૉ. દિલીપકુમાર જી.પટેલ-સિન્ડિકેટ સભ્ય; શ્રી ઉજ્જ્વલભાઇ ત્રિવેદી-સિન્ડિકેટ સભ્ય; શ્રી અશોકભાઇ ઠાકોર-સેનેટ સભ્ય; શ્રી સ્વપનિલ પટેલ-સેનેટ સભ્ય; પ્રમુખ, યુનિવર્સિટી બિનશૈક્ષણિક સ્ટાફ એસોસીએશન; પ્રમુખ, યુનિવર્સિટી બિનશૈક્ષણિક સુપરવાઇઝરી સ્ટાફ એસોસીએશન; મંત્રી, યુનિવર્સિટી બિનશૈક્ષણિક સ્ટાફ એસોસીએશન; કુલસચિવશ્રી

આમંત્રિત સભ્યો :

શ્રી તૃષાર પટેલ- સેનેટ સભ્ય; ડૉ.વિપુલ શ્રીમાળી- જે. એમ.પટેલ આર્ટસ કોલેજ; પ્રો.મહેન્દ્ર મિશ્રા-નલીની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટસ કોલેજ

**તારીખઃ ૦૨-૦૭-૨૦૧૨ના રોજ મળેલી સિન્ડિકેટ સભાએ O.92 / 0.93 તથા 0.99 ઉપરાંતની સૂચવેલી સમિતિઓની નિમણુક તારીખઃ ૩૧/૩/૨૦૧૫ સુધી કરી છે.**

**૧. પરીક્ષા શુધ્ધિ સમિતિ**

કુલપતિશ્રી (અધ્યક્ષ); પ્રિ. વર્મલા તીર્થરામ ભમ્વરી; પ્રો. ઘનશ્યામ ગઢવી; ર્ડા. ઉજ્જ્વલ ત્રિવેદી; ર્ડા. ભરતકુમાર એન. પંડયા; શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ; પ્રો. પલ્લવીબેન પટેલ; ર્ડા. સમીર જગદીશચન્દ્ર પટેલ; ર્ડા. રેખાબેન ઇમેન્યુઅલ; કુલસચિવશ્રી; કન્વીનર, પરીક્ષા શુધ્ધિ સમિતિ; મદદનીશ કુલસચિવ/કો-ઓર્ડિનેટર (ERU)-સભ્ય સચિવ

**૨. પ્રેસ સમિતિ**

કુલપતિશ્રી (અધ્યક્ષ); કુલસચિવ; સુશ્રી ખ્યાતીબેન પટેલ; શ્રી ગુરૂશરણ એ. પટેલ; ર્ડા. સમીર જગદીશચન્દ્ર પટેલ; પ્રિ. વર્મલા તીર્થરામ ભમ્વરી; સુશ્રી પ્રતિક્ષાબેન પટેલ; કુલપતિશ્રી દ્વારા નિયુક્તઃ મેનેજરશ્રી, આણંદ પ્રેસ, ગામડી, આણંદ; પ્રેસ મેનેજર - સભ્ય સચિવ

**૩. મ્યુઝિયમ સમિતિ**

કુલપતિશ્રી (અધ્યક્ષ); ચેરમેન ઓફ બોર્ડ ઓફ સ્ટડીઝ ઈન હિસ્ટ્રી, એન્સીયેન્ટ ઇન્ડિયન કલ્ચર એન્ડ આર્કીયોલોજી; ર્ડા. અનુ મેહતા; શ્રી કનૈયાલાલ પટેલ (લજ્જા કોમ્યુનિકેશન); શ્રી રાજેશ શર્મા; ર્ડા. જીગીષ પંડયા; પ્રિ. કે.સી. પટેલ; ર્ડા. પ્રિતી શાહ; ર્ડા. સમીર જગદીશચન્દ્ર પટેલ; ર્ડા. ઉજ્જ્વલ ત્રિવેદી; સુશ્રી ખ્યાતીબેન પટેલ; પ્રો. ઘનશ્યામ ગઢવી; ર્ડા. પલ્લવીબેન પટેલ; કુલપતિશ્રી દ્વારા નિયુક્તઃ વડાશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ મ્યુઝિઓલોજી, ફેકલ્ટી ઓફ ફાઇન આર્ટસ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા; ક્યુરેટર, યુનિવર્સિટી મ્યુઝિયમ - સભ્ય સચિવ

**૪. ટીચીંગ સ્ટાફ માટે વિષય નિષ્ણાંતની પેનલ બનાવવા માટેની સમિતિ**

કુલપતિશ્રી (અધ્યક્ષ); વડાશ્રી, અનુસ્નાતક વિભાગ (સંબંધકર્તા વિષય); ર્ડા. ભરતકુમાર એન. પંડયા; ર્ડા. શીરીષ એચ. શ્રીવાસ્તવ; ર્ડા. રેખા ઇમેન્યુઅલ; ર્ડા. દિલિપ જી. પટેલ; ર્ડા. એફ. એસ. ઉમરીગર

**૫. નોન ટીચીંગ સ્ટાફ માટેની સિલેક્શન સમિતિ**

૧. કુલપતિશ્રી (અધ્યક્ષ); કુલપતિશ્રી દ્વારા આમંત્રિત બે તજજ્ઞો; કુલસચિવશ્રી; શ્રી રાજેશ પટેલ; શ્રી હેમંત જે. પટેલ; શ્રી પ્રજ્ઞેશકુમાર અરવિંદભાઈ પટેલ; શ્રી ઈન્દ્રજીત નટવરલાલ પટેલ; શ્રી જયપ્રકાશ પટેલ; SC/ST/OBCના પ્રતિનિધિ (જરૂરિયાત જણાય ત્યારે)

## ચિંતન

### આવો આપણે સૌ સાથે મળી સંકલ્પ કરીએ

યુનિવર્સિટી અને વિદ્યાર્થીએ બન્નેનો સીક્કાની બે બાજુ જેવો સંબંધ-બન્ને એક બીજા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. કોઇપણ એક વિના બન્ને અધૂરા છે.

પૂજ્ય સરદાર સાહેબ, પૂજ્ય ભાઇકાકા જેવી વિભૂતિઓએ આ ભૂમિ ઉપર શિક્ષણ સંસ્થાઓ માટે જે પુરુષાર્થ આદર્યો, આની પાછળની એમની ભાવના વિદ્યાર્થીઓને સરળતા રહે અને દીર્ઘદ્રષ્ટિ દ્વારા ઘરઆંગણે સ્થાપેલી આ યુનિવર્સિટીમાં જે કોઇ અભ્યાસ તેમજ તેને લગતા કામકાજ માટે આવે તેને આપણે સક્રિય રીતે મદદરૂપ થઇએ.

આપણા ટેબલ આગળ ઉભેલ વ્યક્તિમાં આપણા પિતા, માતા, બહેન કે ભાઇને દીકરીને જોઇએ. તે આપણા જ પરિવારનો છે તેમ સમજી શક્ય તેટલી ત્વરાથી જે તે કામને સુખદ અંજામ આપીએ. સામાન્ય રીતે આમ લોકોમાં એવી છાપ છે કે ''ઓળખાણ સિવાય તો કોઇ કામ થતું જ નથી'', એ છાપ આપણે સૌ સાથે મળી મીટાવવા દૃઢ સંકલ્પ કરીએ. આપણે આપણી ફરજ જેટલી શ્રેષ્ઠ રીતે બજાવીએ એનો સૌથી વધુ આનંદ આપણને જ થશે. આ રીતે આપણું જીવન ધન્યતાથી ભરાઇ જશે.

આપણે સૌ પૂજ્ય સરદાર સાહેબ, પૂજ્ય ભાઇકાકા, પૂજ્ય ભીખાભાઇ, પૂજ્ય ડૉ. એચ. એમ. પટેલ સાહેબના પુણ્ય પ્રતાપે આજે રોજીરોટી, ધંધા રોજગાર મેળવી રહ્યા છીએ. માત્ર એક કલ્પના જ કરો કે આ કશું ન હોત તો આપણે ક્યાં અને કેવી પરિસ્થિતિમાં હોત ?

- રાજેશ શર્મા
હેડ ક્લાર્ક, એન.એસ.એસ. અને શારીરિક શિક્ષણ
વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર

## Subscribe Today

| Annual | | Life |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

Lifetime Subscription in Foreign Exchange:
US $ 100.00 € 75.00 £ 75.00
Contact: Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

Sheel Shrutam welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com, Website: www.spuvvn.edu

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.